પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો) -વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં ૫૦% દુકાનો સ્વસહાય જુથોને તથા ૫૦% દુકાનો શિક્ષિત બેરોજગારોને ફાળવવા અંગે.

ગુજરાત સરકાર
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: વભદ/૧૦૨૦૦૨/૪૮૭/ભાગ-૧/ક
૧૭,સરદારભવન, છ ઠો માળ
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૧/૮/૨૦૦૬

વંચાણે લીધો:-

(૧) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક્ર:વભદ/૧૦/૨૦૦૨/૪૮૭/ક તા.૨/૮/૨૦૦૪

પ્રાસ્તાવિક:-

પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો) ની ફાળવણીની નીતિ સંદર્ભ (૧) માં દર્શાવેલ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના તા.૨/૮/૨૦૦૪ના ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. રાજયના સ્થાનિક શિક્ષિત બેરોજગારોને પૂરક રોજગારી મળી રહે તે માટે વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં પ્રથમ અગ્રતા સ્થાનિક શિક્ષિત બેરોજગારોને આપવાનું સરકારના સંદર્ભ (૧) દર્શાવેલ તા.૨/૮/૨૦૦૪ના ઠરાવથી નકકી કરવામાં આવેલ છે.

૨/- રાજયના ગ્રામ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમના હેઠળની જુદી જુદી યોજનાઓમાં મહિલાઓના સ્વસહાય જુથો, આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરે તેવા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આમ મહિલાઓને આર્થિક રીતે સધ્ધર બનાવી તેમનું આર્થિક,સમાજીક સ્તર ઉચું આવે તે માટે રાજય સરકાર ધ્વારા વિવિધ યોજનાઓ મારફત પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. રાજય સરકારે મહિલા સશકિતકરણની નીતિ સ્વીકારેલ છે તે નીતિના અમલીકરણરૂપે વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં પણ "મહિલા સ્વસહાય જુથો" ને પ્રથમ અગ્રતા આપવાનું સરકારશ્રીની વિચારણા

હેઠળ કેટલાક સમયથી હતું આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આ
છે.

ઠરાવ:-

સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨/૮/૨૦૦૪ના ઠરાવના ફકરા -૫ અને ૬ રદ કરીને નીચે મુજબનો ફકરો ૫-અને ૬ દાખલ કરવામાં આવે છે.

**૫. દુકાન મંજૂરી માટેનો અગ્રતાક્રમ :-**

દુકાન ખોલવા માટે મળેલી અરજીમાંથી યોગ્ય અરજદારની પ્રસંદગી કરવા સારું નીચે મુજબનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવેલ છે.નવી મંજુર થનાર વાજબી ભાવની દુકાનો પૈકી ૫૦ ટકા દુકાનો સ્થાનિક સ્વસહાય જુથને તથા ૫૦ ટકા દુકાનો ફકત સ્થાનિક-શિક્ષિત બેરોજગારને જ પૂરક રોજગારી તરીકે મંજુર કરવાની રહેશે. આ શિક્ષિત બેરોજગાર સ્થાનિક હોય તે ખાસ જોવાનું રહેશે. સ્વસહાય જૂથોમાં તથા સ્થાનિક શિક્ષિત બેરોજગારોમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાજય સરકારમાં નોકરીમાં અનામતની ટકાવારી છે તે મુજબની ટકાવારી જળવાઇ રહે તે પ્રમાણે જોગવાઇ કરવાની રહેશે. આ નવી નીતિ મુજબની ટકાવારી આ હુકમો રવાના થાય તે તારીખ પછી મંજુર થનાર દુકાનોને લાગુ પડશે તેમાં હાલની કાર્યરત દુકાનોના અનુ.જનજાતિ અનુ.જાતિ, સા.શૈ.પ.વર્ગના દુકાન ધરાવનારા અંગેની સંખ્યા ધ્યાને લેવાની રહેશે નહિ. આ માટે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનો અને શહેરી વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનો માટે અલગ અલગ રજીસ્ટર રાખવાનું રહેશે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનોને અલગ યુનીટ તથા શહેરી વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનોને અલગ યુનીટ ગણવાનું રહેશે. તેમજ જે તે યુનીટમાં નીચેજણાવેલ વિગતે ટકાવારીનો ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે અને તે અંગેનું એક અલગ રજીસ્ટર તાલુકા મામલતદારશ્રીએ નિભાવવાનું રહેશે અને તેના અમલની ખાત્રી કલેકટરશ્રીએ કરવાની રહેશે.

**૫.૧. ગ્રામ્ય વિસ્તાર માટે સ્વસહાય જૂથ માટેનો અગ્રતાક્રમ:-**

૫.૧.૧.સર્વપ્રથમ જે ગામોમાં ૫૦ ટકા અથવા વધારે અનુસૂચિત જનજાતિની વસ્તી છે તેવા ગામોમાં ફક્ત અનુસૂચિત જનજાતિના સ્વસહાય જૂથને વાજબી ભાવની દુકાન મંજુર કરવાની રહેશે. જયારે તે સિવાયના વિસ્તારોમાં નીચે પ્રમાણેની ટકાવારી પ્રમાણે ફાળવણી કરવાની રહેશે.

૫.૧.૨.અનુસૂચિત જાતિના સ્વસહાય જૂથોને ૭ (સાત) ટકા જેટલી વાજબી ભાવની દુકાનો ફાળવવી. જે તે ગામોને અનુ.જાતિની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે ગામોમાં અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા ગામોએ તે કેટેગરીના સ્વસહાય-જુથને દુકાન ફાળવવાની રહેશે.

૫.૧.૩.સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (બક્ષીપંચના) સ્વસહાય જૂથોને ૨૭ ટકા જેટલી દુકાનો ફાળવવી. ઉપર મુજબ અનુ.જનજાતિ અને અનુ.જાતિની કેટેગરીમાં દુકાનો ફાળવાયા બાદ બાકી રહેતા ગામોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે ગામોમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષપંચ)ની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા ગામોએ તે કેટેગરીના સ્વસહાય જૂથને દુકાન ફાળવવાની રહેશે.

૫.૧.૪.અનુ.જનજાતિ, અનુ.જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ટકાવારી પૂર્ણ થયા પછી બાકી રહેતા ગામો માટે અન્ય વર્ગના સ્વસહાય જૂથોને વાજબી ભાવની દુકાન ફાળવવી.

૫.૧.૫.શારીરિક ખોડખાપણ વાળી વ્યકિતઓના સ્વસહાય જૂથોને ૩ ટકા પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવાનું રહેશે.

(અ) શારીરિક ખોડખાપણ વાળી વ્યકિતની પસંદગીમાં ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ લો જસ્ટીસ એન્ડ કા. એફેર્સના અસાધારણ ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા મુજબ તબીબી

સત્તાધિકારીએ પ્રમાણિત કર્યા મુજબ ૪૦ (ચાલીસ) ટકા થી ઓછી શારીરિક ખોડખાપણ ન ધરાવતા હોય તેવી વ્યકિતનો સમાવેશ થશે, વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે શારીરિક ખોડખાપણ વાળી વ્યકિતઓને કે જે વાજબી ભાવની દુકાન માટે આપવામાં આવતા અધિકારપત્ર, કરાર નામાની શરતો તથા ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ ૧૯૮૧ હેઠળ તમામ કાર્યવાહી કરી શકે તેવા સક્ષમ જણાતા હોય તેવી વ્યકિતને વાજબી ભાવની દુકાન ફાળવવાની અગ્રતાક્રમમાં ગણી ફાળવણી માટે વિચારણામાં લેવાનું ધોરણ રાખવું.

૫.૧.૬. સ્ત્રીઓના સ્વસહાય જૂથને પ્રથમ અગ્રતા આપવા અંગે:- સ્વસહાય જૂથો પૈકી પ્રથમ અગ્રતા સ્ત્રીઓના સ્વસહાય જૂથને આપવાની રહેશે જો સ્ત્રીઓના સ્વસહાય જૂથ ઉપલબ્ધ ન થાય તો સ્ત્રીઓ અને પુરૂષોના મિશ્ર સ્વસહાય જૂથને બીજી અગ્રતા આપવાની રહેશે.

**૫.૨. શહેરી વિસ્તાર માટે સ્વસહાય જૂથ માટેનો અગ્રતાક્રમ:-**

૫.૨.૧. સર્વપ્રથમ અનુસૂચિત જનજાતિના સ્વસહાય જૂથોને ૧૫ ટકા જેટલી વાજબી ભાવની દુકાનો ફાળવવાની રહેશે. જે તે શહેરના વોર્ડની અનુસૂચિત જનજાતિ ની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે વોર્ડમાં અનુસૂચિત જનજાતિ ની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા વોર્ડમાં તે કેટેગરીના ઉમેદવારને દુકાન ફાળવવાની રહેશે. જે શહેરમાં અનુ.જનજાતિની વસ્તી ૨૦ ટકા કરતાં ઓછી હોય તે શહેરમાં અનુ.જનજાતિ માટે દુકાન અનામત રાખવાની રહેશે નહિ.

૫.૨.૨. અનુસૂચિત જાતિના સ્વસહાય જૂથને ૭ (સાત) ટકા જેટલી વાજબી ભાવની દુકાનો ફાળવવી. ઉપર મુજબ અનુ.જનજાતિની કેટેગરીમાં દુકાનો ફાળવ્યા બાદ બાકી રહેતા વોર્ડમાં અનુ.જાતિની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે વોર્ડમાં અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા વોર્ડમાં તે કેટેગરીના સ્વસહાય જૂથને દુકાન ફાળવવાની રહેશે.

૫.૨.૩.સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (બક્ષીપંચના) સ્વસહાય જૂથોને ૨૭ ટકા જેટલી દુકાનો ફાળવવી. ઉપર મુજબ અનુ.જનજાતિ અને અનુ.જાતિની કેટેગરીમાં દુકાનો ફાળવાયા બાદ બાકી રહેતા વોર્ડમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે વોર્ડમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષપંચ)ની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા વોર્ડમાં તે કેટેગરીના જૂથને દુકાન ફાળવવાની રહેશે.

૫.૨.૪.અનુ.જનજાતિ, અનુ.જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ટકાવારી પૂર્ણ થયા પછી બાકી રહેતા વોર્ડ માટે અન્ય વર્ગના સ્વસહાય જૂથોને વાજબી ભાવની દુકાન ફાળવવી.

૫.૨.૫.શારીરિક ખોડખાંપણ વાળી વ્યકિતઓના સ્વસહાય જૂથને ૩ (ત્રણ) ટકા પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવાનું રહેશે.

**૫.૩ દુકાન મંજૂરી માટેનો શિક્ષિત બેરોજગારો માટેનો અગ્રતાક્રમ** :-દુકાન ખોલવા માટે મળેલી અરજીમાંથી યોગ્ય અરજદારની પ્રસંદગી કરવા સારું નીચે મુજબનો અગ્રતાક્રમ નકકી કરવામાં આવેલ છે.નવી મંજુર થનાર વાજબી ભાવની દુકાનો પૈકી ૫૦ (પચ્ચાસ ટકા) દુકાનો ફકત સ્થાનિક-શિક્ષિત બેરોજગારને જ પૂરક રોજગારી તરીકે મંજુર કરવાની રહેશે. આ શિક્ષિત બેરોજગાર સ્થાનિક હોય તે ખાસ જોવાનું રહેશે. શિક્ષિત બેરોજગારોમાં સ્નાતક શિક્ષિત બેરોજગારને પ્રથમ અગ્રતા આપ્યા બાદ એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ બેરોજગાર ઉમેદવારને દુકાન મંજુર કરવાની રહેશે. આ શિક્ષિત બેરોજગારોમાં પણ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાજય સરકારમાં નોકરીમાં અનામતની ટકાવારી છે તે મુજબની ટકાવારી જળવાઇ રહે તે પ્રમાણે જોગવાઇ કરવાની રહેશે. આ નવી નીતિ મુજબની ટકાવારી આ હુકમો રવાના થાય તે તારીખ પછી મંજુર થનાર દુકાનોને

લાગુ પડશે તેમાં હાલની કાર્યરત દુકાનોના અનુ.જનજાતિ અનુ.જાતિ, સા.શૈ.પ.વર્ગના દુકાન ધરાવનારા અંગેની સંખ્યા ધ્યાને લેવાની રહેશે નહિ. આ માટે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનો અને શહેરી વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનો માટે અલગ અલગ રજીસ્ટર રાખવાનું રહેશે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનોને અલગ યુનીટ તથા શહેરી વિસ્તારમાં ખોલવાપાત્ર દુકાનોને અલગ યુનીટ ગણવાનું રહેશે. તેમજ જે તે યુનીટમાં નીચેજણાવેલ વિગતે ટકાવારીનો ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે અને તે અંગેનું એક અલગ રજીસ્ટર તાલુકા મામલતદારશ્રીએ નિભાવવાનું રહેશે અને તેના અમલની ખાત્રી કલેકટરશ્રીએ કરવાની રહેશે.

**૫.૩.૧ ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષિત બેરોજગારોને દુકાન ફાળવવા માટેનો અગ્રતાક્રમઃ-**

**૫.૩.૧** સર્વપ્રથમ જે ગામોમાં ૫૦ઃ ટકા અથવા વધારે અનુસૂચિત જનજાતિની વસ્તી છે તેવા ગામોમાં ફકત અનુસૂચિત જનજાતિના શિક્ષિત બેરોજગારને વાજબી ભાવની દુકાન મંજુર કરવાની રહેશે. જયારે તે સિવાયના વિસ્તારોમાં નીચે પ્રમાણેની ટકાવારી પ્રમાણે ફાળવણી કરવાની રહેશે.

**૫.૩.૨** અનુસૂચિત જાતિના શિક્ષિત બેરોજગાર ઉમેદવારોને ૭ (સાત) ટકા જેટલી વાજબી ભાવની દુકાનો ફાળવવી. જે તે ગામોને અનુ.જાતિની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે ગામોમાં અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા ગામોએ તે કેટેગરીના ઉમેદવારને દુકાન ફાળવવાની રહેશે.

**૫.૩.૩** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (બક્ષીપંચના) ઉમેદવારોને ૨૭ ટકા જેટલી દુકાનો ફાળવવી. ઉપર મુજબ અનું.જનજાતિ અને અનુ.જાતિની કેટેગરીમાં દુકાનો ફાળવાયા બાદ બાકી રહેતા ગામોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે ગામોમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષપંચ)ની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા ગામોએ તે કેટેગરીના ઉમેદવારને દુકાન ફાળવવાની રહેશે.

૫.૩.૪અનુ.જનજાતિ, અનુ.જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ટકાવારી પૂર્ણ થયા પછી બાકી રહેતા ગામો માટે અન્ય વર્ગના શિક્ષિત બેરોજગારોને વાજબી ભાવની દુકાન ફાળવવી.

૫.૩.૫શારીરિક ખોડખાપણ વાળી વ્યકિતઓને ૩ ટકા પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવાનું રહેશે.

૫.૩.૬મહિલાઓને અગ્રતા આપવા અંગે.:- વાજબી ભાવની દુકાનો પૈકી દરેક કેટેગરીમાં ૧૦ ટકા મહિલા શિક્ષિત બેરોજગારોને વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં અગ્રતા આપવાની રહેશે, તથા મહિલા અગ્રતામાં પણ રાજય સરકાર તરફથી વિધવા સહાય મેળવતી મહિલાઓને વધુ અગ્રતા આપવાની રહેશે.

**૫.૪.૧શહેરી વિસ્તાર માટે શિક્ષિત બેરોજગારોને દુકાન ફાળવવા માટેનો અગ્રતાક્રમઃ-**

૫.૪.૧સર્વપ્રથમ અનુસૂચિત જનજાતિના શિક્ષિત બેરોજગારોને ૧૫ ટકા જેટલી વાજબી ભાવની દુકાનો ફાળવવાની રહેશે. જે તે વોર્ડમાં અનુસૂચિત જનજાતિ ની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે વોર્ડમાં અનુસૂચિત જનજાતિ ની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા વોર્ડએ તે કેટેગરીના ઉમેદવારને દુકાન ફાળવવાની રહેશે જે શહેરોમાં અનુ.જનજાતિની વસ્તી ૨૦ ટકા કરતાં ઓછી હોય તે શહેરોમાં અનુ.જનજાતિ માટે દુકાન અનામત રાખવાની રહેશે નહિ.

૫.૪.૨અનુસૂચિત જાતિના શિક્ષિત બેરોજગાર ઉમેદવારોને ૭ (સાત) ટકા જેટલી વાજબી ભાવની દુકાનો ફાળવવી. ઉપર મુજબ અનુ.જનજાતિની કેટેગરીમાં દુકાનો ફાળવાયા બાદ બાકી રહેતા વોર્ડમાં અનુ.જાતિની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે વોર્ડમાં અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા વોર્ડએ તે કેટેગરીના ઉમેદવારને દુકાન ફાળવવાની રહેશે.

૫.૪.૩સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (બક્ષીપંચના) ઉમેદવારોને ૨૭ ટકા જેટલી દુકાનો ફાળવવી. ઉપર મુજબ અનુ.જનજાતિ અને અનુ.જાતિની કેટેગરીમાં દુકાનો ફાળવાયા બાદ

બાકી રહેતા વોર્ડમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમે ગોઠવ્યા બાદ જે વોર્ડમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષપંચ)ની વસ્તીની ટકાવારી વધારે હોય તેવા વોર્ડએ તે કેટેગરીના ઉમેદવારને દુકાન ફાળવવાની રહેશે.

**૫.૪.૪** અનુ.જનજાતિ, અનુ.જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ટકાવારી પૂર્ણ થયા પછી બાકી રહેતા વોર્ડ માટે અન્ય વર્ગના શિક્ષિત બેરોજગારોને વાજબી ભાવની દુકાન ફાળવવી.

**૫.૪.૫** શારીરિક ખોડખાપણ વાળી વ્યકિતઓને ૩ ટકા પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવાનું રહેશે.

**૫.૪.૬** મહિલાઓને અગ્રતા આપવા અંગેઃ- શહેરી વિસ્તારોમાં પણ વાજબી ભાવની દુકાનો પૈકી દરેક કેટેગરીમાં ૧૦ ટકા મહિલા શિક્ષિત બેરોજગારોને વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં અગ્રતા આપવાની રહેશે, તથા મહિલા અગ્રતામાં પણ રાજય સરકાર તરફથી વિધવા સહાય મેળવતી મહિલાઓને વધુ અગ્રતા આપવાની રહેશે.

**૫.૫.૧** ઉપર જણાવેલ કક્ષાઓમાં યોગ્ય મહિલા સ્વસહાયજુથ ઉપલબ્ધ થાય નહીં તો શિક્ષિત બેરોજગારોને દુકાન ફાળવવાની રહેશે. શિક્ષિત બેરોજગારોને દુકાન ફાળવણીનો અગ્રતાક્રમ આ ઠરાવના ફકરા નં. ૫.૩ મુજબ નકકી કરવાનો રહેશે.

**૫.૫.૨** ઉપર જણાવેલ કક્ષાઓમાં યોગ્ય શિક્ષિત બેરોજગાર ઉપલબ્ધ થાય નહી તો ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તાર માટે નીચે મુજબ સહકારી મંડળીઓને વિચારણામાં લઇ શકાશે વિચારણામાં લેવામાં આવનાર સહકારી મંડળીનું રજીસ્ટ્રેશન જાહેરાતની તારીખથી ત્રણ વર્ષ પહેલા થયેલુ હોવું જોઇએ. તેમજ સદરહુ મંડળી ઓડીટ વર્ગ-અ અથવા વર્ગ-બ ધરાવતી હોવી જોઇએ. આવી સહકારી મંડળીને માત્ર એક દુકાનની ફાળવણી કરી શકાશે અને જો આવી મંડળી વાજબી ભાવની દુકાન ધરાવતી જ હશે તો બીજી દુકાનની ફાળવણી કરી શકાશે નહી.

૫.૫.૩ સહકારી મંડળીઓ:-

૫.૫.૩.૧ વિવિધ કાર્યકારી સહકારી મંડળી/કેરોસીન ફેરીયાની સહકારી મંડળી,

૫.૫.૩.૨ પછાતવર્ગની સહકારી મંડળી,

૫.૫.૩.૩ આઝાદીના લડવૈયાઓની સહકારી મંડળી,

૫.૫.૩.૪ માજી સૈનિકની સહકારી મંડળી,

૫.૫.૩.૫ મહિલા સહકારી મંડળી,

૫.૫.૩.૬ ઈતર સહકારી મંડળી,

૫.૫.૩.૭ આદિવાસી વિસ્તારમાં સહકારી મંડળીમાં આદિવાસીઓની બહુમતિ હોય તો તેવી સહકારી મંડળીને આ કક્ષામાં પ્રથમ અગ્રતાક્રમ આપવાનો રહેશે પરંતુ તેવી મંડળી ઓડીટ - અ અને બ ધરાવતી હોવી જોઈશે. ઉપરાંત આર્થિક સધ્ધરતા અને તેની સર્વગ્રાહી કામગીરીમાં કશું બાધાજનક કે ઉણપો હોવી જોઈએ નહી.

**૬. અગ્રતાક્રમને નિયંત્રિત કરતી જોગવાઈઓ.**

૬ (૧) શિક્ષિત બેરોજગારોમાં એકજ અગ્રતાક્રમમાં આવતી અરજીઓમાં જે ઉમેદવારને સ્નાતક/ એસ.એસ.સી.માં વધુ ટકા હશે તો તેને પ્રથમ પ્રસંદગી આપવાની રહેશે.

૬.૨-(૧) વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં ૫૦% (પચાસટકા) દુકાનો સ્વસહાય જુથોને તથા ૫૦% (પચાસ ટકા) દુકાનો સ્થાનિક શિક્ષિત બેરોજગારને ફાળવવાની રહેશે.

(૨) સ્વસહાય જુથોને રાજયના જિલ્લાઓમાં આવેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) ધ્વારા માન્યતા આપવામાં આવેલી હોવી જોઈએ.

(૩) સ્વસહાય જુથો ઓછામાં ઓછા ૧ (એક) વર્ષથી કાર્યરત હોવા જોઈએ આ અંગેનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લાના નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પાસેથી મેળવીને અરજી સાથે અરજદારે રજુ કરવાનું રહેશે.

(૪) સ્વસહાય જૂથોએ વાજબી ભાવની દુકાન મેળવવા માટેની અન્ય લાયકાતો સંતોષવાની રહેશે, જેવી કે (૧) દુકાન માટેની જગ્યા (૨) અરજદાર ઓછામાં ઓછા રૂ.૧૦,૦૦૦/- (દશ

હજાર)નું રોકાણ કરી શકે તેવી તેમની સ્થિતિ હોવી જોઈએ તે અંગેની શરતો સંતોષતા હોવા જોઈએ.

(૫) સ્વસહાય જુથોને દુકાનની ફાળવણી સદરહુ જુથના પ્રમુખના નામે કરવામાં આવશે વાજબી ભાવની દુકાનો મારફત વેચાણ કરવામાં આવતી જાહેર વિતરણ વ્યવસ્થાની ચીજવસ્તુઓના વેચાણ માટે તેઓ જવાબદાર રહેશે અને આ અનાજના ડાયવરઝન માટે આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ હેઠળ જરૂરી કાર્યવાહીને પાત્ર આ જુથના પ્રમુખ રહેશે. દુકાનનું લાયસન્સ સ્વસહાય જુથના પ્રમુખશ્રીના નામે ઈસ્યુ કરવાનું રહેશે.

(૬) સ્વસહાય જુથો પૈકી પ્રથમ અગ્રતા સ્ત્રીઓના સ્વસહાય જુથોને આપવાની રહેશે જો સ્ત્રીઓનું સ્વસહાય જુથ ઉપલબ્ધ ન થાય તો સ્ત્રી અને પુરૂષોના મિશ્ર સ્વસહાય જુથને બીજી અગ્રતા આપવાના રહેશે. જો સ્ત્રી અને પુરૂષોના મિશ્ર સ્વસહાય જૂથની અરજી ન મળી હોય તો શિક્ષિત બેરોજગારને દુકાન ફાળવવાની રહેશે. શિક્ષિત બેરોજગારો માટેનો અગ્રતાક્રમ ફકરા ૫.૩માં જણાવ્યા મુજબનો રહેશે.

૬.૩ આ ઠરાવનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે અને આ હુકમની તારીખ પછી જે દુકાનો ખોલવા માટે જાહેરાતો બહાર પાડવામાં આવે તેને લાગુ પડશે.

૬.૪ વાજબી ભાવની દુકાનો ખોલવા માટે જીલ્લા પુરવઠા અધિકારીશ્રી ધ્વારા વર્તમાન પત્રોમાં જાહેરાત આપવાની રહેશે તથા આ જાહેરાત કયા ગામની કઈ દુકાન અનુ.જનજાતિ, અનુ.જાતિ, સા.શૈ.પ.વર્ગ, શા.ખો.ખાપણ મહિલા,(૨)સ્વસહાય જૂથ(૩) શિક્ષિત બેરોજગાર માટે અનામત રાખેલ છે, તે સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે.

૬.૫ દુકાન મેળવવાના અરજી પત્રકમાં આ મુજબનો જરૂરી સુધારો સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓએ કરવાનો રહેશે. તથા આ ઠરાવથી બહાર પાડેલ સુચનાઓ દુકાન મેળવવાના અરજી પત્રક સાથે જોડવાની રહેશે.

૩/- સંદર્ભ (૧) દર્શાવેલ તા.૨/૮/૨૦૦૪ના ઠરાવની અન્ય શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ.મકવાણા)
ઉપસચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
૧. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
૨. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ (ફેકસ ધ્વારા)
૩. અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર (ફેકસ ધ્વારા)
૪. નાયબ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર
૫. સર્વે મામલતદારશ્રીઓ/ મહાલકારીશ્રીઓ

નકલ જાણ સારૂ રવાના:-

૧. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી,અ.ના.પુ.અને ગ્રા.બા. સચિવાલય,ગાંધીનગર
૩. સર્વે માન.મંત્રીશ્રીઓ/ રા.ક.મંત્રીશ્રીઓ સચિવાલય,ગાંધીનગર
૪. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
૫. સચિવાલયના તમામ વિભાગો
૬. નિયામકશ્રી, (નાગરિક પુરવઠા) અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ સચિવાલય,ગાંધીનગર
૭. અન્ન નિયામકશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
૮. નિયામકશ્રી, નાગરિક પુરવઠા (તપાસણી શાખા) સચિવાલય,ગાંધીનગર
૯. વિભાગની સર્વે શાખાઓ (અ,બ,ક,ઇ,ફ,વિશેષ,બજેટ)
૧૦. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. સેકટર-૧૦ ગાંધીનગર
૧૧. સિલેકટ ફાઇલ
૧૨ અંગત ફાઇલ

નકલ રવાના:-
(૧) સચિવશ્રી,ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૩) સર્વે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ (૨૫ જિલ્લા પંચાયતો)
(૪) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ